# પ્રથમ લેખિત કસોટી : ઓક્ટોબર-૨૦૧૭

તારીખ : ૦૪/૧૦/૨૦૧૭ | ધોરણ-૭ | સમય : ૧૧:૦૦ થી ૧૪:૦૦

વાર : બુધવાર | વિષય : ગુજરાતી | કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નંબર : ________

સૂચના : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર ☐ માં લખો.** (6)

(1) ''આજની ઘડી રળિયામણી'' કાવ્યમાં ''પૂરો પૂરો'' એટલે .... ☐

(ક) ભરો (ખ) સંપૂર્ણ

(ગ) આખેઆખો (ઘ) દોરો

(2) 'પરીક્ષા' પાઠમાં વિદ્યાધિકારી એટલે ...... ☐

(ક) શિક્ષણના અધિકારી (ખ) વિદ્યાના અધિકારી

(ગ) પંડિત (ઘ) સરકારી અધિકારી

(3) લીલાશ કોના આવવાથી મેદાનમાં આવશે ? ☐

(ક) વાયરાના (ખ) મોરના

(ગ) પ્રભુના (ઘ) વરસાદના

(4) 'ભીખુ' પાઠની ઘટના કયા શહેરની છે ? ☐

(ક) દિલ્હી (ખ) અમદાવાદ

(ગ) ગોંડલ (ઘ) વીરપુર

(5) કાકા સાહેબને બાળપણમાં કુટુંબીજનો કયા નામે બોલાવતા ? ☐

(ક) સત્તુ (ખ) દત્તુ

(ગ) કક્કુ (ઘ) કાકુ

(6) દિયરે ભાભીને કેવાં કહ્યાં છે ? ☐

(ક) સમજદાર (ખ) જ્ઞાની

(ગ) સ્નેહભીનાં (ઘ) કેસરભીનાં

Scanned by CamScanner

(બ) યોગ્ય જોડકાં જોડો. (5)

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (1) આજની ઘડી રળિયામણી | (1) કાકા કાલેલકર |
| (2) બે ખાનાંનો પરિગ્રહ | (2) પ્રવીણ દરજી |
| (3) ભીખુ | (3) મનુબહેન ગાંધી |
| (4) બાનો વાડો | (4) નરસિંહ મહેતા |
| (5) જીવનપાથેય | (5) 'ધૂમકેતુ' |

(ક) કાવ્યપંક્તિ પૂર્ણ કરો. (ગમે તે એક) (4)

(1) તરિયા તોરણ બારે .......................................

...............................................................

...............................................................

..................... ચરણ પખાળીએ જીરે, સખી ......

(2) કેસર ભીનાં ...................................

..................................................

..................................................

..................... મનનાં દ્વાર રે.... માલમ.

પ્રશ્ન-2 (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. (ગમે તે ત્રણ) (6)

(1) પરીક્ષામાં પાસ થવા વિશે મહાદેવને શો વિશ્વાસ હતો ?

(2) લેખિકાએ 'હિન્દુસ્તાનના પિતા' કોને કહ્યા છે ?

(3) 'જીવનપાથેય' પાઠમાં લેખકને સાચી કેળવણી કયાં મળી ?

(4) બા દેખાવે કેવાં હતાં ?

(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો. (ગમે તે બે) (8)

(1) 'ભીખુ' પાઠમાં લેખકે હોટલ અને સિનેમાને શા માટે યાદ કર્યા ?

(2) બા બહારગામ જાય ત્યારે તેમને વાડા અંગે શી ચિંતા રહેતી ?

(3) પરગ્રહવાસીનું શરીર કેવું લાગતું હતું ?

(ક) નીચેના વિધાનોના કારણો આપો. (ગમે તે ત્રણ) (6)

(1) સુખનો અતિરેક થતાં બાનો અવાજ તરડાઈ જતો, કારણ કે.....

(2) બા પોતાના દીકરાને ઘેર બે-ત્રણ દિવસથી વધારે ન રહેતી, કારણ કે.....

(3) બા વહેલી સવારે થાળીમાં ફૂલ એકઠાં કરી રાખતી, કારણ કે.....

(4) લેખકના મતે બા ભોળી નહિ, ભલી ખરી, કારણ કે.....

Scanned by CamScanner

**પ્રશ્ન-3 સૂચના પ્રમાણે કરો.**

**(1) રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.** (2)

(1) બેડલો પાર થવો.

(3) ઉમેદ બર ન આવવી.

**(2) વિરૂદ્ધાર્થી શબ્દો લખો.** (2)

(1) આકાશ × ________ (2) મિત્ર × ________

**(3) નીચેના વાક્યો વાંચી એની સામે એનો કાળ લખો.** (2)

(1) હું ધોરણ સાતમાં ભણું છું.

(2) તેમણે અંગ્રેજી કેળવણી પાછળ ભારે ખર્ચ કર્યો હતો.

**(4) કહેવતનો અર્થ લખો.** (2)

(1) મામાનું ઘર કેટલે દીવો બળે એટલે.

**(5) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. (કોઈપણ બે)** (2)

(1) જેનો પતિ હયાત છે તેવી સ્ત્રી ......

(2) પવનથી ઊડેલા વરસાદના છાંટા ......

(3) તેજસ્વી વિદ્યાર્થીને અભ્યાસ માટે મળતી આર્થિક સહાય ......

**(6) નીચેના વાક્યમાંથી વિશેષણ ઓળખી બતાવો.** (2)

(1) નિજ બીજા નંબરે પાસ થયો.

(2) મધમાખીને છ પગ હોય છે.

**(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો. (કોઈપણ બે)** (1)

(1) રળિયામણું

(2) મોલ

(3) રાન

**(8) નીચેના શબ્દની સાચી જોડણી લખો.** (2)

(1) પુથ્વિવાસિ

(2) વીચીત્ર

**પ્રશ્ન-4 (અ) તમારી શાળામાં યોજાયેલ રમતોત્સવનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.** (5)

**(બ) કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (10)

(1) મારો પ્રિય તહેવાર

(2) સ્વચ્છતાનું મહત્વ

(3) મેળાનું વર્ણન

Scanned by CamScanner

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલ ફકરો વાંચી પ્રશ્નોના જવાબ આપો.** (5)

અભ્યાસનું મહત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાયેલું છે; પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી. અભ્યાસ વિના સંસ્કાર દઢ થતા નથી એ જણાયુ એટલે ગમે તે રીતે આપણે અભ્યાસ કરાવવા મથીએ છીએ. દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે : ભયથી, લાલચથી, પ્રેમથી. ભયથી અને લાલચથી પણ સંસ્કાર પાડી શકાય છે. એમાં અભ્યાસ કરનારની વિવેકબુદ્ધિને ખીલવવી નથી પડતી. સરકસના મૅનેજરો જનાવરોને ભયથી જ કેળવે છે. શાળામાં શિક્ષકો પણ એજ રીત અજમાવે છે. ઘણા ધર્મગુરૂઓ પણ ભય કે આશા બતાવીને સારી ટેવો પાડવાનો પ્રયત્ન કરે છે. પણ આ રીતે પાડેલી ટેવોમાંથી જયારે વિશ્વાસ ઊઠી જાય, ત્યારે સૈકાની ટેવો પણ થોડા જ સમયમાં નાશ પામે છે.

**પ્રશ્નો :**

(1) આપણે અભ્યાસનું મહત્વ શા માટે સ્વીકારીએ છીએ ?

(2) દરેક ક્રિયા કઇ ત્રણ રીતે કરી શકાય છે ?

(3) કઈ રીતોમાં અભ્યાસ કરનારની વિવેકબુદ્ધિને ખીલવવી પડતી નથી ?

(4) લેખકની દ્રષ્ટિએ કોણ કોણ ભયથી કેળવણી આપવાની રીત અજમાવે છે ?

(5) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**(બ) વિચાર વિસ્તાર કરો. (ગમે તે એક)** (4)

(1) ખાયા સો ખોયા, ખિલાયા સો પાયા.

(2) નિષ્ફળતા એજ સફળતાની ચાવી છે.

**(ક) નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) પરગ્રહનું યાન કેવું લાગતું હતું ?

(2) બાના વાડામાં કયા કયા ઔષધિય છોડ હતા ?

(3) બાપુએ વિમાનમાં જવાની ના કેમ પાડી ?

(4) ગાય કોના-કોના ખેતરમાંથી પસાર થઈ ?

Scanned by CamScanner